# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૪/ક્વા-૧/૨૧-૨૨/૫૨૮૮-૪ તા.૦૯-૦૯-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪/ક્વા-૧/૨૧-૨૨

અરજદાર : મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયા ગામ: જેતલસર
પેટા વિભાગીય કચેરી : જેતપુર ગ્રામ્ય
રજૂઆત કરનાર : અરજદારશ્રી મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જેતપુર
રજૂઆત કરનાર : કાર્યપાલક ઈજનેર શ્રી બી.કે. દવે પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જેતપુર

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૩-૦૯-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૭-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદારશ્રી મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયા હાજર હતા અને પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી બી.કે. દવે પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જેતપુર હાજર રહેલ હતા જેમાં સ્થળ તપાસનો રીપોર્ટ ફોરમ સમક્ષ રજુ કરવાની સુચના આપેલ ત્યારબાદ સદર કેઈસની સુનાવણી તા.૨૭-૦૭-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં અરજદારશ્રી મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયા હાજર હતા અને પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી બી.કે. દવે પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જેતપુર હાજર રહેલ હતા જેમાં ત્યારબાદ સદર કેસની વધુ સુનાવણી તા.૦૩-૦૯-૨૧(શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે ગામ.જેતલસરમાં તેઓની માલિકીના સર્વે નં ૩૫૪ પૈકી ૦૨ માં ગ્રાહક નં ૩૩૮૧૪/૦૧૮૨૭/૩ થી ૦૭ એચ.પી. નું વીજજોડાણ ધરાવે છે. સદર જોડાણનું ટ્રાન્સફોર્મર ઉભુ કરવાનો તમામ ખર્ચ રૂ.૧,૨૪,૭૦૬/- તેઓએ ભરપાઈ કરેલ છે. અરજદાર ની બાજુમાં જશુબેન મુકેશ ઉમરેટીયા જેઓના ગ્રાહક નં-૩૩૮૧૪/૦૨૦૭૫/૮ નું જોડાણ તેઓની માલિકીની જમીનમાં ઉભેલ ટ્રાન્સફોર્મર માંથી ખોટી રીતે બાજુમાં આવેલ મુકેશ કેશવ ઉમરેટીયાના સર્વે માં ભૂલથી ખોટી જગ્યા બતાવી જોડાણ મેળવેલ છે જેથી બન્ને ગ્રાહકો વચ્ચે એકજ ટ્રાન્સફોર્મર હોય ટીસી પર ડયા (જમ્પર) ચડાવવા માટે મુકેશ કેશવ ઉમરેટીયા તેઓ સાથે ઝગડો કરે છે. તેમજ તેઓની ગેરહાજરીમાં તેઓની માલિકીની જમીનમાં પ્રવેશી અને ડયા (જમ્પર) ચડાવે છે અને ઉતારે છે જેના કારણે સ્પાર્કીંગ થવાના કારણે તેઓના પાકને નુકસાન થવા સંભવ છે તેઓને નાણામાં આંકી ન શકાય તેવી નુકસાની થવા સંભવ છે અને માણસનું મૃત્યુ થવા સંભવ છે જેની જવાબદારી પી.જી.વી.સી.એલ. ની કચેરીની છે કારણકે તેઓની પરવાનગી વગર તેઓની માલિકીની જમીનમાંથી ઉભેલ ટ્રાન્સફોર્મર માંથી સામેવાળાને ખોટી રીતે જોડાણ આપવામાં આવેલ છે જેથી સામેવાળાનું સદર જોડાણ તેઓના ટ્રાન્સફોર્મર માંથી દૂર કરવા અરજ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદાર શ્રી મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયા ગામ.જેતલસરની પોતાની માલિકીના સર્વે નં ૩૫૪ પૈકી ૨ માં આવેલ ટ્રાન્સફોર્મરમાંથી અન્ય ગ્રાહકને વીજજોડાણ આપવા સામે વાંધા અરજી અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા નીચે મુજબ વિગતો જણાવેલ છે.

૩.૧ અરજદાર દ્વારા તત્કાલ યોજના હેઠળ નવા ખેતીવાડી વીજજોડાણની અરજી અન્વયે તા.૨૦.૦૯.૨૦૧૧ ના રોજ ભાવપત્રક ભર્યા બાદ અરજદારને ૧૦ કેવીએનું ટ્રાન્સફોર્મર ઉભું કરી ગ્રાહકનં ૩૩૮૧૪/૦૧૮૨૭/૩ થી ૦૭ એચ.પી.નુ મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયાના નામનું વીજજોડાણ અપાયેલ છે.

૩.૨ ત્યારબાદ અરજદાર દ્વારા સદર જોડાણમાં ૦૮ હોપાનો લોડ વધારો કરાવાથી વીજજોડાણનો ૧૫ હોર્સ પાવરનું થતા ૧૦ કેવીએના ટ્રાન્સફોર્મર ને બદલે ૧૬ કેવીએનું ટ્રાન્સફોર્મર મૂકી લોડ વધારો રીલીઝ કરેલ.

૩.૩ અરજદાર દ્વારા તા.૧૯.૦૯.૨૦૨૧ ના રોજ સદર વીજજોડાણના સ્થળ ફેર કરવા માટેની અરજી આપવાથી સર્વે નં.૩૫૪ પૈકી ૨ માં એક બોર થી અન્ય બોર માં (એક જ સર્વે નં માં) સ્થળ ફેર (**ND** સ્કીમમાં) કરેલ.

૩.૪ અરજદારના ખેતરની બાજુમાં જ જશુબેન મુકેશભાઈ ઉમરેટીયા દ્વારા નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી કરતા અરજદારના વીજજોડાણની બાજુમાંજ જશુબેન મુકેશભાઈ ઉમરેટીયાનો બોર આવેલ હોવાથી પી.જી.વી.સી.એલ. કંપનીના નિયમ મુજબ ૧૬ કેવીએના ટ્રાન્સફોર્મરને બદલે ૨૫ કેવીએનુ ટ્રાન્સફોર્મર મૂકી જશુબેન મુકેશભાઈનુ ખેતીવાડી વીજજોડાણ રીલીઝ કરેલ. આમ સદર નવું વીજજોડાણ આપવાની કાર્યવાહી પી.જી.વી.સી.એલ. કંપનીના નિયમ મુજબ જ કરવામાં આવેલ છે. જેની જાણ અરજદારને પેટાવિભાગીય કચેરીના પત્ર ૧૯૨૧ તા.૨૭.૦૪.૨૦૨૧ થી કરેલ છે.

૩.૫ શ્રી મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયા ગામ.જેતલસર દ્વારા અરજદારશ્રી મુકેશભાઈ ઉમરેટીયાની માલિકીની જમીનમાં ઉભેલ T/C માંથી ખોટી રીતે કનેક્શન મેળવેલ છે તે મુજબની અરજી અન્વયે સક્ષમ અધિકારી દ્વારા તા.૧૬.૦૭.૨૦૨૧ ના રોજ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લીધેલ પરંતુ સ્થળ પરની જગ્યા સળંગ હોવાથી સર્વેનંબર પ્રમાણે અલગ અલગ ભાગ દેખાતા નથી આથી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૭-૦૭-૨૧

થી લેખિત પત્ર દ્વારા તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત કચેરી, જેતલસરને શ્રી જશુબેન મુકેશભાઈ ઉમરેટીયાની જમીનમાં બોર છે કે અન્યની હદમાં બોર છે તે જણાવવા માટે યોગ્ય પ્રત્યુત્તર પાઠવવા રજૂઆત આપેલ.

૩.૬ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૨-૦૮-૨૧ ની લેખિત રજૂઆત મુજબ તલાટી કમ મંત્રી દ્વારા રજુ કરાયેલ પંચ રોજકામ તા.૦૪-૦૮-૨૧ મુજબ જશુબેન મુકેશભાઈ ઉમરેટીયાનું હૈયાત ખેતીવાડી વીજજોડાણના દસ્તાવેજી પુરાવા મુજબ નિયમાધીન અપાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયા ગામ.જેતલસરની પોતાની માલિકીના સર્વે નં ૩૫૪ પૈકી ૨ માં આવેલ ટ્રાન્સફોર્મરમાંથી અન્ય ગ્રાહકને વીજજોડાણ આપવા સામે વાંધા અરજી કરેલ છે.

૪.૨ અરજદાર દ્વારા તત્કાલ યોજના હેઠળ નવું ખેતીવાડી વીજજોડાણ મેળવવાની અરજી અન્વયે તા ૨૦.૦૯.૨૦૧૧ ના રોજ ભાવપત્રક ભર્યા બાદ તેઓને મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયાના નામનું ૦૭ એચ.પી.નું વીજજોડાણ, ૧૦ કેવીએનું ટ્રાન્સફોર્મર ઉભું કરી ગ્રાહકનં ૩૩૮૧૪/૦૧૮૨૭/૩ થી અપાયેલ છે.

૪.૩ સદર અરજદાર દ્વારા વીજભાર વધારાની અરજી તા.૦૫-૦૭-૨૦૧૨ મુજબ તેઓના જોડાણમાં હેયાત ૦૭ હો.પા.ના જોડાણમાં ૦૮ હો.પા.નો લોડ વધારો કરાવાથી વીજજોડાણનો ૧૫ હો.પા.નું થતા ૧૦ કેવીએના ટ્રાન્સફોર્મર ને બદલે ૧૬ કેવીએનું ટ્રાન્સફોર્મર મૂકી લોડ વધારો રીલીઝ કરવામાં આવેલ છે.

૪.૪ અરજદાર દ્વારા તા.૧૯.૦૯.૨૦૨૧ ના રોજ સદર વીજજોડાણના શિફ્ટિંગ કરવાની અરજી અન્વયે એક જ સર્વે નંબરમાં સર્વે નં.૩૫૪ પૈકી ૨ માં એક બોર થી અન્ય બોર માં ND સ્કીમમાં શિફ્ટિંગ કરી આપેલ

૪.૫ અરજદારના ખેતરની બાજુમાં જ જશુબેન મુકેશભાઈ ઉમરેટીયા દ્વારા નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી કરતા અરજદારના વીજજોડાણની બાજુમાં જ જશુબેન મુકેશભાઈ ઉમરેટીયાનો બોર આવેલ હોવાથી પી.જી.વી.સી.એલ. કંપનીના નિયમ મુજબ ૧૬ કેવીએના ટ્રાન્સફોર્મરને બદલે ૨૫ કેવીએનુ ટ્રાન્સફોર્મર મૂકી જશુબેન મુકેશભાઈનુ ખેતીવાડી વીજજોડાણ કંપનીના નિયમ મુજબ રીલીઝ કરેલ.

૪.૬ શ્રી મનીષભાઈ જમનભાઈ ઉમરેટીયા ગામ.જેતલસર દ્વારા અરજદારશ્રી મુકેશભાઈ ઉમરેટીયાની માલિકીની જમીનમાં ઉભેલ T/C માંથી ખોટી રીતે કનેક્શન મેળવેલ છે તે મુજબની અરજી અન્વયે સક્ષમ અધિકારી દ્વારા તા.૧૬.૦૭.૨૦૨૧ ના રોજ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લીધેલ પરંતુ સ્થળ પરની જગ્યા સળંગ હોવાથી સર્વેનંબર પ્રમાણે અલગ અલગ ભાગ દેખાતા ન હતા.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબ ની વિગતે - પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં – ૩૧૫૯ તા.૧૭-૦૭-૨૦૨૧ થી તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત કચેરી, જેતલસરને સદર બાબતે શ્રી જશુબેન મુકેશભાઈ ઉમરેટીયાની જમીનની હદમાં બોર છે કે અન્યની હદમાં બોર છે તે જણાવવા માટે યોગ્ય કરવા જણાવેલ હતું.

૪.૮ જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરાયેલ તા.૦૪-૦૮-૨૧ થી તલાટી કમ મંત્રી ની સહી વાળું પંચ રોજકામ મુજબ જશુબેન મુકેશભાઈ ઉમરેટીયા દ્વારા પેટાવિભાગીય કચેરીમાં તેઓનું ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં ૩૩૮૧૪/૦૨૦૭૫/૮ સર્વે નં ૩૫૪/પૈકી૩/પૈકી૨/પૈકી૧ ની જમીન તેઓની માલિકીની જ છે જે દસ્તાવેજીક પુરાવા મુજબ નિયમાધીન વીજજોડાણ અપાયેલ હોય, જેથી અરજદારની મુદ્દા નં ૨.૦ મુજબની વિગતેની ફરિયાદ ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૫.૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯